# GUDOL INFRABUILD PRIVATE LIMITED

F-2, Apple plaza, Opp. Madhuvan flat, Gathaman gate, Palanpur-385001,
Gujarat, India 8347653306

## લેબરથી કામ કરી આપવાનો કરારલેખ (કોન્ટ્રાકટ)

**તારીખ :-**

એક તરફવાળા :-

(૧) ગુડોલ ઇન્ફરબિલ્ડ પ્રા. લી. વતી :-

બીજી તરફવાળા :-

(૨) કોન્ટ્રાકટરનું નામ :-

સાઇટ :- નંદ વિહાર-5

ભાવ :- પ્રતિ ચોરસ ફૂટ ધાબા માપે ના ભાવ રૂપિયા _______/-( અંકે રૂપિયા _____પુરા) દરેક ધાબાનું માપ અલગ ગણાશે.

શરતો:-

૧. સાઈટ ઉપરથી લાઈન આઉટ પહેલા તમામ પ્રકારની અડચણો જેવી કે, લાઈન શિફટિંગ, દબાણો, વધારાની બીન જરૂરી વસ્તુ હટાવી એક તરફવાળાએ (મકાન માલિકે) બીજી તરફવાળા (કોન્ટ્રાકટર) ને સાઈટનો હવાલો આપવાનો રહેશે.

૨. સાઇટ પર સૌપ્રથમ પાણીની અને લાઇટ થ્રી ફેઝ કનેકશન પુરૂ પાડવાની સંપુર્ણ જવાબદારી એક તરફવાળાની રહેશે.

3. મકાનમાં તમામ સ્લેબની હાઈટ ડ્રોઈંગ પ્રમાણે કરવાની રહેશે.

૪. ચાલુ કામ દરમ્યાન પ્લાનીંગમાં તથા ફેરફાર એક તરફવાળા તથા બીજી તરફવાળાની પરસ્પર સંમતિબાદ કરવાનો રહેશે. પ્લાન મુજબ કામ થયા કોઈપણ જાતના ફેરફારનો ખર્ચ એક તરફવાળાએ ચુકવવાનો રહેશે તેમજ બીજી તરફવાળાની ભુલના કારણે થયેલ ફેરફારનો ખર્ચ બીજી તરફવાળાનો ભોગવી સુધારી આપવાનો રહેશે.

૫. ચાલુ કામ દરમ્યાન રેવન્યુ તેમજ જ્યુડીશીયલ મેટર તેમજ પરમીશનને લગતી તમામ અડચણો સમયમર્યાદાને અસર ન કરે તે જોવાની જવાબદારી એક તરફવાળાની રહેશે તેમજ તેના કારણે સમયમર્યાદામાં વધારો કરવાનો રહેશે.

૬. પેમેન્ટ ૧૦૦% ચેકથી ચૂકવવાનું રહેસે. ચેકથી આપેલ પેમેન્ટના ૧% (એક ટકા) લેખે ટી. ડી. એસ. બીજી તરફવાળાના બિલમાંથી કપાત કરી પછી જ બાકીનું પેમેન્ટ ચુકવાશે કપાત થયેલ ટી. ડી. એસ. નું ફોર્મ એક તરફવાળાએ બીજી તરફવાળાને આપવાનું રહેશે.

૭. સાઇટ પર કામ કરતા તમામ મજુર, કારીગર, સુપરવાઈઝર તેમજ અન્ય સ્ટાફ તેમજ સાઇટ પર શ્રમયોગીઓને હેલ્મેટ, સેફટીનેટ, સેફટીબેલ્ટ, સેફટીજેકેટ (સેફટીનાં નિયમોને પાલન નહિ થાય તોહ કામ કરવા દેવામાં આવશે નહિ) અને પ્રાથમિક સારવારની દવાની પેટી, સ્ટાફ ટોયલેટ બાથરૂમ ની સાફ સફાઇ, કામ દરમ્યાન ઇલેક્ટ્રીક સાધનો(જીવંત વાયર્સ) થી શોક ન લાગે તે માટેના પૂરતાં

પગલા લેવાની વિગેરે ની જવાબદારી બીજી તરફવાળાની રહેશે, તથા (BOCW ACT-1996) મુજબ કોઈપણ અકસ્માત દરમ્યાન ઊભી થયેલી પરિસ્થિતિની જવાબદારી બીજી તરફવાળાની રહેશે.

૮. ચાલુ કામ દરમ્યાન સમયાંતરે સાઇટ પર સફાઇ તેમજ ચોખ્ખાઈ રાખવાની જવાબદારી બીજી તરફવાળાની રહેશે.

૯. ૧૮ વર્ષથી ઓછી ઉમરના લેબરને કામ પર રાખી શકશે નહીં.

૧૦. ધી ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ-૧૯૯૬ ની જોગવાઈ તથા તેમા વખતો-વખત ના નિયમોમાં થયેલ સુધારાની કલમો અને નિતી નિયમોનું પાલન કરવાની તેમજ લેબર જોડે પાલન કરાવવાની તમામ જવાબદારીઓ કોન્ટ્રાકટરની રહેશે. (BOCW ACT-1996)

૧૧. પેમેન્ટની શરતો:- દરેક સ્લેબનું માપ અલગ અલગ ગણવાનું રહેશે

- પ્લિન્થ લેવલ ----------------------------૧૫%
- લેન્ટર કામ પૂર્ણ---------------------------૧૦%
- પહેલો સ્લેબ(ધાબા) દરેક સ્લેબ લેવલ-------૨૦%
- બીજા સ્લેબ લેવલ-------------------------૨૦%
- અંદર બહારના પ્લાસ્ટર લેવલ --------------૧૫%
- અંદરના ભાગે ફલોરીંગ લેવલ ---------------૧૦%
- ફીનીષ કામ પુરુ થયા પછી --------------- ૧૦%

કુલ.. ----- ૧૦૦%

૧૨. સાઈટ ઉપર તમામ લેબરને ચા-પાણી વિગેરેનો ખર્ચ બીજી તરફવાળાએ આપવાનો રહેશે.

૧૩. ઉપરની તમામ શરતો સિવાય બાંધકામની અંદર આવતી તમામ પ્રકારની જવાબદારીઓ જેવી કે, ખોદાણ, પુરાણ અને માટી બહાર લઇ જવી. ચણતર-પ્લાસ્ટર, આર. સી. સી. વિગેરે કામની સમય મર્યાદા _____દિવસમાં કામ કરી આપવાની જવાબદારીઓ બીજી તરફવાળાની અટલે કે કોન્ટ્રાકટરની રહેશે.

૧૪. સાઈટ પર જયારે સેન્ટીંગનું કામ ચાલે ત્યારે લોખંડની ખીલ્લી, સ્લેબ કવર, સેન્ટીંગ તાર, બીજી તરફ વાળાને લાવવાનો રહેશે.

૧૫. દરેક મકાને પાય્લીંગ કરવાની થાય તોહ બીજી તરફ વાળે કરવાનું થશે.

૧૬. ઇલેક્ટ્રિક લાઈટ બીલ અને પાણીનું બીલ બીજી તરફ વાળે ચુકવાનું રહેશે. દર મહીને રૂ. ૪૦૦૦૦/- બીલ માંથી કપાશે.

૧૭. સાઈટ પર જયારે ચણતર પ્લાસ્ટર થાય ત્યારે એને પાણી છોટવાની જવાબદારી બીજી તરફ વાળાની રહેશે.

૧૮. સાઈટ પર કામ કરતા દરેક શ્રમયોગીનો લાઈફ ઇન્સ્યોરન્સ બીજી તારફ વાળાએ એક તરફ વાળાને આપવાનો રહેશે.

૧૯. સાઈટ પર બીજી તારફ વાળાએ સીવીલ એન્જીનીયર અને મેનેજર ૨૪કલાક હાજરી આપવાની રહેશે.

ઉપર જણાવેલ સમજુતી કરાર અમો બંને પક્ષોએ રાજીખુશીથી સંમતિ કરેલ છે જે બંને પક્ષોને વાલી-વરસોને કબુલ મંજુર છે જે બદલ સહી-સિક્કા, સાક્ષીની

# GUDOL INFRABUILD PRIVATE LIMITED

F-2, Apple plaza, Opp. Madhuvan flat, Gathaman gate, Palanpur-385001, Gujarat, India 8347653306

સહી કરેલ છે જે બદલ આ નીચે આપણે બંનેએ આપનું મત્તુ કર્યું છે તથા ત્રાહિતોની સાખો કરાવિ આપી છે.

સ્થળ :- પાલનપુર

તારીખ :-

<u>એક તરફવાળા :-</u>

<u>ગુડોલ ઇન્ફરબિલ્ડ પ્રા. લી. વતી :-</u>

<u>બીજી તરફવાળા :-</u>

<u>કોન્ટ્રાકટરનું નામ :-</u>